Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
॥ चैतन्य ॥ CHAITANYA
ISSN: 2582 2802
Year–07, Volume –07, Issue–02, June–2026

# ઈશ્વર પેટલીકરકૃત 'નંદવાયેલું હૈયું' ટૂંકીવાર્તાનો મનોવૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રીય અભ્યાસ

– ડૉ. રાજેન્દ્રકુમાર આર. બાંભણિયા

**સારાંશ (Abstract):**

પ્રસ્તુત સંશોધનલેખ અંતર્ગત ઈશ્વર પેટલીકરની વાર્તા - 'નંદવાયેલું હૈયું'માં નિરૂપાયેલ સામાજિક કુરિવાજો અને તેની સામાન્ય જનજીવન ખાસ કરીને સ્ત્રીજીવન પર પડતી અસરોનું વિશ્લેષણ અને વિવરણ કરે છે. દસ વર્ષની નાથી અને છ વર્ષના કાભઈ વચ્ચેના કજોડા લગ્નસંબંધથી ઊભી થતી શારીરિક-માનસિક અતૃપ્તિ નાથીને સામાજિક વિદ્રોહ તરફ પ્રેરે છે. લેખમાં નાથીનાં મનોવૈજ્ઞાનિક પરિવર્તનો, કાયદાની સંવેદનહીનતા અને મોહન નામના પાત્ર દ્વારા મળેલા વિશ્વાસઘાતને કેન્દ્રમાં રાખીને સ્ત્રી-સંવેદનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અંતે, સામાજિક દબાણ અને પિતૃસત્તાક વ્યવસ્થાના બેવડા માપદંડોથી ઘેરાયેલી નાથી રૌદ્ર સ્વરૂપ ધારણ કરી પહેલાં પતિ અને બાદમાં પોતાના જ બાળકની હત્યા કરી આજીવન જેલ વહોરી લે છે, જે વ્યવસ્થા સામેનો એક પ્રબળ અને હચમચાવી મૂકનારો આક્રોશ છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** ગુજરાતી સાહિત્ય, ઈશ્વર પેટલીકર, નંદવાયેલું હૈયું, સ્ત્રી મનોવિજ્ઞાન, બાળલગ્ન, કજોડા લગ્ન, પિતૃસત્તાક સમાજવ્યવસ્થા, સામાજિક બળવો, કરુણાંત.

ઈશ્વર પેટલીકરનું સમગ્ર સાહિત્યસર્જન ચરોતર અને મહીકાંઠા વિસ્તારના ગ્રામ્ય સમાજની નાડ પારખવાનું અદ્ભુત કાર્ય કરે છે. 1950ના દાયકામાં લખાયેલી આ વાર્તા એવા સમયખંડનું પ્રતિનિધિત્વ કરે છે જ્યારે ગ્રામ્ય સમાજમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય, ખાસ કરીને સ્ત્રીની ઇચ્છાઓનું કોઈ જ મૂલ્ય ન હતું. લેખકે વાર્તાના પ્રારંભે જ કુંભાર જ્ઞાતિ અને તેની આસપાસના અન્ય વર્ગોના રિવાજોનો પરિચય કરાવ્યો. વાર્તા મુજબ, 'નાતમાં બાળલગ્નનો એવો રિવાજ હતો કે ગર્ભમાં બાળક હોય ત્યારથી શરતી વિવાહ થતા હતા.' આ પરંપરા અત્યંત જડ અને અવૈજ્ઞાનિક હતી. નાથી અને કાભઈના કિસ્સામાં આ જ કુરિવાજે એક ભયંકર વિસંગતતા સર્જી. દસ વર્ષની નાથી, જે શરીરે મજબૂત અને ઊંચી હતી, તેને છ વર્ષના કાભઈ સાથે પરણાવી દેવામાં આવી. આ કજોડા લગ્ને જ વાર્તાની મૂળ કરુણાંતિકાનું બીજ વાવ્યું. અન્ય જ્ઞાતિઓમાં વર કન્યા કરતાં મોટો હોય તેવો સામાન્ય નિયમ હતો, પરંતુ પેટલીકર નોંધે છે તેમ, આ જ્ઞાતિને આ નિયમ સ્પર્શતો ન હતો. નાથીના સસરાનો અહંકાર અને સામાજિક સ્વીકૃતિનું સ્તર એ હદે જડ હતું કે તેઓ ગર્વથી કહે છે: 'વહુ કરતાં છોકરો નાનો છે એ મારે ઘેર જ ઓછું છે? નાતમાં એવા દાખલા તો ઘેર ઘેર છે.' આ દલીલ પ્રમાણ છે કે જ્યારે કોઈ અતાર્કિક પ્રથાને બહુમતીનો ટેકો મળે છે, ત્યારે સમાજ તેને 'પરંપરા'નું નામ આપીને કાયદાની મહોર મારી દે છે.

વાર્તાકાર નાથીના પાત્રનો મનોવૈજ્ઞાનિક વિકાસ અત્યંત સ્વાભાવિક રીતે આલેખે છે. પ્રથમ તબક્કો બાળપણની નિર્દોષતાનો છે. દસ વર્ષની ઉંમરે જ્યારે નાથી પ્રથમ વખત સાસરે આવે છે, ત્યારે તે કાભઈ સાથે એક બાળકની જેમ રમવા લાગે છે. કાભઈ તેનાથી ડરીને ભાગે છે અને નાથી તેને પકડવા દોડે છે. આ હળવાશભર્યું વર્ણન વાસ્તવમાં ભવિષ્યમાં આવનારા ભયંકર વાવાઝોડાની પૂર્વભૂમિકા છે. જે સંબંધની શરૂઆત પકડદાવની રમતથી થાય છે, તે સંબંધમાં ક્યારેય પતિ-પત્નીનું સાહજિક જોડાણ શક્ય જ ન હતું.

બે વર્ષ બાદ, જ્યારે નાથી બાર વર્ષની થઈને સાસરે પાછી આવે છે, ત્યારે તેના શારીરિક અને માનસિક જગતમાં પરિવર્તન આવવાનું શરૂ થઈ ગયું છે. હવે તે કાભઈ સાથે રમતી નથી, પરંતુ 'બાળપતિને એ ત્રાંસી આંખે નીરખતી થઈ હતી.' આ 'ત્રાંસી આંખ' એ સ્ત્રીની અંદર જાગતી સહજ જાતીય અપેક્ષાઓ અને સામે ઊભેલી નિરાશાનું પ્રતીક છે. કૂવે પાણી ભરવા જતી વખતે પનિહારીઓ મશ્કરી કરે છેઃ 'અલી, તું વહુ સારી લાવી છે, છોકરાને હેંડવાની તસ્દી નહીં લેવી પડે. વહુ એને કેડે બેસાડીને ફેરવે એવી ખાસ્સી છે!' આ કટાક્ષો નાથીના અર્ધજાગ્રત મનમાં લઘુતાગ્રંથિ અને અતૃપ્તિના બીજ રોપે છે.

જ્યારે કાભઈ ચૌદ વર્ષનો થાય છે અને સાસુ બંનેને ભેગા થવાની છૂટ આપે છે, ત્યારે આ બંને પાત્રો વચ્ચેનું માનસિક દૂરત્વ પ્રગટ થાય છે. રાત્રે કાભઈ ખાટલા પર બેસે છે ત્યારે તે નાથીથી બીતો હોય તેમ દૂર બેસે છે. નાથી શરૂઆત કરતાં પૂછે છે, 'કંઈ બોલતા નથી?' અને કાભઈ બાળક ભાવે પૂછે છે, 'શું બોલું?' આ ટૂંકો સંવાદ નાથી માટે અંતિમ ચુકાદો બની જાય છે. કાભઈમાં હજુ જુવાનીએ પ્રવેશ કર્યો નથી; તે માત્ર એક ડરેલો બાળક છે.

આ ઘટના પછી નાથી પિયર જઈને સ્પષ્ટ ઇનકાર કરે છે કે તે હવે ક્યારેય સાસરે જશે નહીં. તે માતાને સ્પષ્ટ કહે છે, 'હવે એ રાજાનો કુંવર થાય તોય મારું હૈયું એનાથી નહીં ભરાય... મન અને મોતી ભાંગેલાં સંધાતાં નથી!' આ વાક્ય નાથીના જીવનની ફિલોસૉફી બની જાય છે. તે સમજી ચૂકી છે કે કાભઈ પ્રત્યે તેના મનમાં કોઈ આદર કે સ્નેહ જાગી શકે તેમ નથી અને આ કજોડા લગ્ન માત્ર તેના આત્માનું હનન છે.

જ્યારે નાથી બાવીસ વર્ષની યુવાન સ્ત્રી બને છે, ત્યારે પિતૃસત્તાક સમાજનું અસલી સ્વરૂપ બહાર આવે છે. માબાપ માટે આ ઉંમરલાયક, પરિણીત છતાં પતિથી અલગ રહેતી દીકરી 'સાપના ભારા' સમાન બની જાય છે. પરિવાર માટે પુત્રીના સુખ કરતાં સમાજની ટીકાઓનો ભય વધુ મોટો હોય છે. નાથી અત્યંત ગર્વ અને દૃઢતાથી જવાબ આપે છે કે જો તે અવળે રસ્તે પગ મૂકે તો તેનું માથું ધડથી જુદું કરી નાખવાની છૂટ છે. છતાં, જ્યારે નાથી પોતાના હકની વાત કરે છે, ત્યારે પિયર અને સાસરાપક્ષ એક થઈ જાય છે. સાસરિયાંઓએ બળજબરીથી તેડી જવી અને માબાપે વળાવવી એવો નિર્ણય લેવાય છે. સ્ત્રીની સંમતિનું આ વ્યવસ્થામાં કોઈ સ્થાન નથી. પરંતુ નાથી આ ષડ્યંત્રનો ભોગ બનવાને બદલે ઘર છોડીને ભાગી નીકળે છે અને પોતાની બહેન ચંચળ અને બનેવી મંગળના પાદરે મુકામ કરે છે.

બનેવી મંગળ કુંભારનું પાત્ર ગ્રામ્ય રાજકારણનું ઉત્તમ ઉદાહરણ છે. મંગળ નાથીને આશરો આપે છે તે માત્ર સહાનુભૂતિ ખાતર નથી. નાથીનો સસરો નાતનો પટેલ છે, અને મંગળ માટે આ તક એ પટેલને નીચો દેખાડવાની અને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાની એક સોનેરી તક છે. અહીં સ્પષ્ટ થાય છે કે બે પુરુષો વચ્ચેના સત્તા અને અહંકારના સંઘર્ષમાં સ્ત્રી - નાથી માત્ર એક પ્યાદું બની જાય છે. લેખકે નાથીના સૌંદર્ય અને નિશ્ચયની

અડગતાનું આકર્ષક વર્ણન કર્યું છે, જે ગામના પુરુષો માટે એક 'ઘેન' સમાન બની રહે છે. આ જ ઘેનનો શિકાર બને છે પાડોશમાં રહેતો વિધુર જુવાન મોહન કુંભાર. મંગળ કુંભાર મોહનના મગજમાં કીડો મૂકે છે કે 'મર્દ હોય તો થઈ જા તૈયાર!' મોહન જ્યારે નાથીને સ્વીકારવા તૈયાર થાય છે, ત્યારે નાથી માટે આ ઘટના કોઈ ચમત્કારથી કમ નથી. જે સ્ત્રીએ આખી જિંદગી નિરાશા જોઈ છે, તેને લાગે છે કે અંતે તેને એક સાચો પુરુષ અને પ્રેમ મળી ગયો છે. પરંતુ મોહનનો આ નિર્ણય નાથી પ્રત્યેના સાચા પ્રેમમાંથી નહીં, પરંતુ માત્ર તેના શારીરિક આકર્ષણ અને 'મર્દાનગી'ના અહંકારમાંથી જન્મ્યો હતો.

મોહનના ઘરમાં નાથીના પ્રવેશ સાથે જ કાનૂની સંઘર્ષ શરૂ થાય છે. કૉર્ટની સંવેદનહીન વ્યવસ્થા સામે નાથી હારી જાય છે. વકીલો તેને કૉર્ટમાં હળાહળ જૂઠું બોલવા પ્રેરે છે કે તેના પેટમાં રહેલું બાળક મોહનનું નહીં પણ કાભઈનું છે. કૉર્ટની નજરમાં લગ્ન એ એક કરાર છે અને સ્ત્રી એ પતિની કાયદેસરની 'મિલકત' છે. કૉર્ટ નાથીનો કબજો મૂળ ધણીને લેવાનો ચુકાદો આપે છે. આ ચુકાદો નાથીને એ ઉંમરા પર પગ મૂકવા મજબૂર કરે છે જ્યાં તેણે ક્યારેય ન જવાનો નિર્ધાર કર્યો હતો. કાયદો અહીં ન્યાય આપવાને બદલે 'કજોડા લગ્ન'ને પ્રોત્સાહન આપી સ્ત્રી પર સંસ્થાગત દમન ગુજારે છે.

પરાણે કાભઈના ઘરમાં દાખલ કરાયેલી નાથી અત્યંત ભયજનક માનસિક અવસ્થામાંથી પસાર થાય છે. રાત્રે તેના પર નજર રાખવા માટે કાભઈને 'ચોકીદાર તરીકે' ઘરમાં સુવાડવામાં આવે છે. રાતના બે વાગ્યે જ્યારે કાભઈ ઊંઘી જાય છે, ત્યારે નાથી રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. તે કાભઈની છાતી પર ચડી બેસે છે અને તેનું ગળું દબાવી દે છે. આ હત્યા એ વાસ્તવમાં પોતાના ગળે આવતા સામાજિક અને કજોડા લગ્નના બંધનના ટૂંપાને તોડી પાડવાનો હિંસક પ્રયાસ હતો.

હત્યાના ગુનામાં નાથીને બે વર્ષની સજા થાય છે. તે જેલમાં મોહનના પુત્રને જન્મ આપે છે અને છૂટીને મોહન સાથે સુખી જીવન વિતાવવાનાં સ્વપ્નો રચવા લાગે છે. પરંતુ મોહન હવે ડરી ગયો છે. તેના પિતા તેને ચેતવે છે કે જે બાઈએ ધણીનું ખૂન કર્યું તે બીજાને શું ન કરે. પરિણામે, નાથીને છૂટવાનું એક અઠવાડિયું બાકી હોય છે ત્યારે મોહન ભયથી પ્રેરાઈને ઉતાવળે બીજી બાઈ સાથે લગ્ન કરી લે છે. જે મોહનને પામવા માટે નાથીએ પોતાનું સર્વસ્વ દાવ પર લગાવી દીધું, તે જ મોહન તેના 'ખૂની' ઇતિહાસથી ડરીને પીછેહઠ કરે છે.

નાથી જ્યારે જેલમાંથી છૂટીને આવે છે, ત્યારે તે અત્યંત નમ્રતાપૂર્વક મોહન પાસે માત્ર એક નાનકડી માગણી કરે છેઃ 'મને પડી રહેવા થોડી જગા આપો. મહેનત કરીને હું મારી મેળે દહાડો કાઢીશ.' પરંતુ મોહને નક્કી કરી લીધું હતું કે આ લપને ઘરમાં પેસવા દેવી નહીં. જ્યારે મોહન નાથીને કહે છેઃ 'મારે ને તારે છે જ શું?' – આ વાક્ય નાથીના અસ્તિત્વ અને તેના માતૃત્વ સામે યક્ષપ્રશ્ન બની રહે છે.

આ બિંદુએ નાથીનો ક્રોધ ચરમસીમા વટાવી જાય છે. તે પોતાની કેડમાં રહેલા માસૂમ બાળકને હાથમાં પૂરા જોરથી પકડીને મોહનના ઉંમરા પર પછાડે છે – 'નાળિયેર વધેરાઈ જાય તેમ બાળક વધેરાઈ ગયું.' એક માતા દ્વારા આ રીતે બાળકની થયેલી હત્યાને કેવી રીતે ઘટાવી શકાય! જ્યારે માનવી અત્યંત તણાવ કે 'ટ્રૉમા' (Trauma)માંથી પસાર થાય છે, ત્યારે મગજ તાર્કિક રીતે વિચારવાનું બંધ કરી દે છે અને લાગણીતંત્ર તેના પર હાવી થઈ જાય છે. નાથીએ જે રીતે બાળકને પછાડ્યું તે કોઈ ઠંડા કલેજે કરેલું આયોજન નહોતું, પણ અંદર ભરાયેલા વર્ષોના અન્યાયનો એકાએક થયેલો 'જ્વાળામુખી વિસ્ફોટ' હતો. આવી સ્થિતિમાં વ્યક્તિ 'શું

કરી રહી છે' તેનું ભાન ગુમાવી બેસે છે. આ જઘન્ય અપરાધના પરિણામે નાથી પુત્રના ખૂની તરીકે આજીવન કેદ (જન્મટીપ) ભોગવે છે.

**ઈશ્વર પેટલીકર રચિત 'નંદવાયેલું હૈયું'ના ગહન અભ્યાસ પરથી નીચે મુજબનાં તારણો પ્રાપ્ત થાય છેઃ**

**કજોડા લગ્નનો અભિશાપઃ**

આ વાર્તા સ્પષ્ટ કરે છે કે લગ્ન માત્ર સામાજિક વિધિ નથી, પણ બે વ્યક્તિઓનું શારીરિક અને માનસિક જોડાણ છે. જ્યારે પતિ-પત્ની વચ્ચે ઉંમર કે સમજણનું અંતર હોય (કજોડા લગ્ન), ત્યારે તે સ્ત્રીના વ્યક્તિત્વ અને તેની ઇચ્છાઓને ગૂંગળાવી નાખે છે. નાથીની અતૃપ્તિ અને તેનો વિદ્રોહ એ સાબિત કરે છે કે પરાણે થોપાયેલા સંબંધો ક્યારેય સુખી પરિણામ આપતા નથી.

**કાયદાની સંવેદનહીનતાઃ**

આધુનિક ન્યાયતંત્ર ઘણીવાર માનવીય લાગણીઓને સમજવામાં નિષ્ફળ જાય છે. જ્યારે કાયદો માત્ર સામાજિક રૂઢિઓ અને દસ્તાવેજોને જ સાચા માનીને સ્ત્રીને પરાણે પતિ પાસે મોકલે છે, ત્યારે તે ન્યાય આપવાને બદલે સ્ત્રી પર અત્યાચાર ગુજારે છે. નાથી જેવી મક્કમ સ્ત્રી જ્યારે કાયદાના રક્ષણ વગર લાચાર બને છે, ત્યારે તે અન્યાય સામે લડવા માટે હિંસાનો માર્ગ અપનાવવા મજબૂર બને છે.

**પુરુષવાદી માનસિકતાનો દંભઃ**

મોહનનું પાત્ર સમાજના એવા પુરુષોનું પ્રતિનિધિત્વ કરે છે જે સ્ત્રીના રૂપથી આકર્ષાઈને તેને બળવો કરવા ઉશ્કેરે છે, પરંતુ જ્યારે ખરેખર જવાબદારી નિભાવવાનો કે સમાજ સામે ઊભા રહેવાનો સમય આવે ત્યારે પોતાની કાયરતા બતાવીને પીછેહઠ કરે છે. મોહનનો વિશ્વાસઘાત એ વાતની સાબિતી છે કે પિતૃસત્તાક સમાજમાં પુરુષ ઘણીવાર સ્ત્રીના ભોગે પોતાનું હિત જ જોતો હોય છે.

**નારીનું રૌદ્ર અને વિનાશક સ્વરૂપઃ**

વાર્તાના અંતે નાથી દ્વારા થતી શિશુહત્યા એ કોઈ સામાન્ય અપરાધ નથી, પરંતુ વર્ષોથી દબાયેલા આક્રોશનો વિસ્ફોટ છે. જ્યારે સ્ત્રીનું હૈયું દરેક સ્તરે (સમાજ, કાયદો અને પ્રેમ) નંદવાય છે, ત્યારે તે સજ્જનતા છોડીને રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. આ ભયાનક અંત એ આખી વ્યવસ્થા સામેનો એક જોરદાર તમાચો છે, જે દર્શાવે છે કે અત્યાચારની પણ એક મર્યાદા હોય છે.

આમ, ઈશ્વર પેટલીકર રચિત 'નંદવાયેલું હૈયું' એ સ્ત્રી-સંવેદના અને સામાજિક કુરિવાજોના ઘર્ષણમાંથી નિષ્પન્ન થતી એક હચમચાવી મૂકનારી કરુણાંત વાર્તા છે.

**સંદર્ભસૂચિ:**


- પેટલીકર, ઈશ્વર. (2016). પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ (સંપાદકઃ રઘુવીર ચૌધરી). અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર. (ISBN: 978-93-5198-101-5)
- બારડ, અશ્વિનકુમાર વલ્લભભાઈ. (2015). ગુજરાતી નવલિકાઓમાં ગ્રામીણ પરિવેશઃ એક આલોચનાત્મક અભ્યાસ (ઈશ્વર પેટલીકર, ચૂનીલાલ મડિયા અને પીતાંબર પટેલની ટૂંકી વાર્તાઓના વિશેષ સંદર્ભમાં). (પીએચ.ડી. મહાશોધનિબંધ). માર્ગદર્શકઃ બલરામ ચાવડા. રાજકોટઃ ગુજરાતી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. [ઑનલાઇન પ્રાપ્તિઃ https://shodhganga.inflibnet.ac.in/handle/10603/76742]


---

**ડૉ. રાજેન્દ્રકુમાર આર. બાંભણિયા,** આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
શ્રી આર. આર. લાલન કૉલેજ, ભુજ, કચ્છ – 370001.
**E-mail:** bambhaniya22@gmail.com